અનુક્રમણિકા

ક્રમ	વિષય	પાના નં
૧	પ્રસ્તાવના	૩
૨	સ્થળાંતર	૩
૩	બાંધકામ ક્ષેત્ર	૫
૪	સંબંધિત સાહિત્યની સમીક્ષા	૭
૫	સંશોધનની પધ્ધતિ	૮
૬	પ્રકરણ યોજના	૧૧
૭	કેટલાક અગત્યનાં તારણો	૧૨
	સંદર્ભસૂચિ	૧૪

અકુશળ અને અર્ધ-કુશળ સ્થળાંતરિત કામદારોની સમસ્યાઓ: સુરત શહેરના બાંધકામ ક્ષેત્રના સંદર્ભમાં

(૧) પ્રસ્તાવના

કોઈ પણ અર્થતંત્રમાં આયોજનકારોના મુખ્ય ધ્યેયોમાંનું એક ધ્યેય ટકાઉ આર્થિક વિકાસ હોય છે. છેલ્લા કેટલાંક વર્ષોમાં રાષ્ટ્રની ભૌતિક પાયાની સુવિધાઓનો વિકાસ અને તેમા પણ ખાસ કરીને બાંધકામ ક્ષેત્રના વિકાસ પર વધુ ભાર મુકવામાં આવી રહ્યો છે. અર્થતંત્રની વૃધ્ધિમાં બાંધકામ પ્રવૃત્તિઓની અગત્યતા અને પ્રસ્તુતતા ભૂતકાળનાં ઘણા બધાં અભ્યાસો ધ્વારા સ્થાપિત થઈ ચૂકી છે.

ભારત જેવા દેશમાં કૃષિક્ષેત્ર પછી બાંધકામ ક્ષેત્રએ બીજા ક્રમનું સૌથી વધુ રોજગારીની તકોનું સર્જન કરતુ ક્ષેત્ર છે. જેને કારણે મોટી ગુણક અસરને લીધે મૂલ્યવૃધ્ધિ અને રોજગારી સર્જનની ક્ષમતામાં વધારો થાય છે. ભારતમાં બાંધકામ ક્ષેત્રમાં લગભગ ૩૩ મિલીયન લોકો રોજગારી મેળવે છે[૧]. અન્ય ક્ષેત્ર કરતા બાંધકામ ક્ષેત્રના શ્રમિકોની લાક્ષણિકતાઓ એ રીતે જુદી પડે છે કે તેઓ મહ્દઅંશે કૃષિક્ષેત્રમાંથી આવેલા હોય છે અને મોટાભાગના શ્રમિકો સ્થળાંતરિત શ્રમિકો છે.તેઓમાં કામ ચલાઉ રોજગારીનું પ્રમાણ અત્યંત ઉંચુ હોય છે. NSSOના ૬૪માં રાઉન્ડ અનુસાર ભારતના ગ્રામ્ય વિસ્તારમાં દર હજાર સ્થળાંતરીતો પૈકી ૪૧.૬% સ્થળાંતરીતો બાંધકામક્ષેત્રમાં જોડાયેલા છે. જયારે આ પ્રમાણ શહેરી વિસ્તારમાં ૨૫.૬% જેટલું જણાયું છે. બાંધકામ ક્ષેત્રમાંથી રોજગારી મેળવતી આ સ્થળાંતરિત વસ્તીનું પ્રમાણ આ ક્ષેત્રનું આર્થિક રીતે મહત્ત્વ સ્પષ્ટ કરે છે.

(૨) સ્થળાંતર

૨.૧ સ્થળાંતરનો અર્થ

સ્થળાંતર એટલે વ્યકિતના કે સમગ્ર જૂથના વસવાટના સ્થળમાં થતો ફેરફાર, બીજા શબ્દોમાં કહીએતો લોકોની એક સ્થળેથી બીજે સ્થળે થતી હેરફેર કે અવર-જવરને સ્થળાંતર તરીકે ઓળખાવી શકાય. લોકોની આવી અવર-જવર કે હેરફેર કાયમી સ્વરૂપની પણ હોઈ શકે અને કામ ચલાઉ કે હંગામી સ્વરૂપની પણ હોય શકે. **પ્રો. વિદ્યુત જોષી** સ્થળાંતરની વ્યાખ્યા આપતા લખે છે કે "એક કાયમી રહેઠાણમાંથી પર્યાપ્ત સમય માટે ઓછે વધતે અંશે અન્ય રહેઠાણમાં થતાં લોકોના કાયમી સંચરણને સ્થળાંતર કહેવાય"

[1] National Skill Development Corporation , "Human Resource and Skill Requirements in the Building , Construction Industry and Real Estate Services Sector (2022) – A Report", Retrieved from http://www.nsdcindia.org/pdf/bldg-const-real-estate.pdf

૨.૨ સ્થળાંતરના કારણો

ભારતમાં દર દસ વર્ષે થતી વસ્તી ગણતરી અનુસાર વિભિન્ન પ્રકારના આંતરીક સ્થળાંતરના કારણોને રોજગારી, શિક્ષણ, લગ્ન, કુટુંબનું સંચરણ અને બીજા કેટલાક અન્ય કારણો એમ મુખ્ય પાંચ વિભાગમાં વિભાજન કરવામાં આવે છે. ઉપરાંત સ્થળાંતરને અસર કરતા વિવિધ પરિબળોને મુખ્ય બે વિભાગમાં નીચે મુજબ વહેંચી શકાય છે.

(અ) સ્થળાંતર માટે દબાણ (મજબુર) કરતાં પરિબળો (Push Factors) જેવા કે રોજગારીની તકોનો અભાવ , સલામતીનો અભાવ, ગુનાખોરીનું ઊંચુ પ્રમાણ, દુકાળ, પૂર, ગરીબી, રાજકીય કે ધાર્મિક અત્યાચાર, મોટા પ્રોજેકટના નિર્માણને કારણે થતું વિસ્થાપન વગેરેનો સમાવેશ કરી શકાય.

(બ) સ્થળાંતર માટે આકર્ષતા પરિબળો (Pull Factors) જેવા કે વધુ રોજગારી, યોગ્ય આબોહવા, ઊંચુ જીવનધોરણ, કુદરતી આફતોનું ઓછું જોખમ, ઓછી ગુનાહખોરી, રાજકીય, ધાર્મિક સલામતી, યોગ્ય આહાર વગેરનો સમાવેશ કરી શકાય છે.

૨.૩ ભારતમાં સ્થળાંતરનું પ્રમાણ

ભારતમાં સ્થળાંતરનું પ્રમાણ સતત વધતુ રહ્યું છે, ૧૯૯૧માં ભારતમાં સ્થળાંતરિતોનું કુલ પ્રમાણં ૨૨૫.૯ મીલિયન હતું જે વધીને ૨૦૦૧માં ૩૦૯.૪ મીલિયન થયું હતું[૨]. NSSOનાં તાજેતરના ૬૪માં રાઉન્ડ (૨૦૦૮)નાં આંકડા મુજબ ભારતમાં ગ્રામ્ય વિસ્તારમાં દર હજાર વસ્તીએ સ્થળાંતરિત વસ્તીનું પ્રમાણ ૨૪૪ (૨૪.૪%) જેટલું અને શહેરી વિસ્તારમાં દર હજાર વસ્તીએ ૩૫૪ (૩૫.૪%) જેટલું નોંધાયું છે.

૨.૪ ગુજરાતમાં સ્થળાંતરનું પ્રમાણ

વસ્તી ગણતરી ૨૦૦૧ મુજબ ગુજરાતમાં જન્મનાં સ્થળેથી સ્થળાંતરિત થયેલ કુલ સ્થળાંતરિતોનું પ્રમાણ ૧૮.૮૧ મીલિયન હતું જેમાં સ્ત્રી સ્થળાંતરીતોનું પ્રમાણ ૬.૪ મીલિયન અને પુરુષ સ્થળાંતરિતોનું પ્રમાણ ૧૨.૩૪ મીલિયન હતું. સ્થળાંતરના કુલ પ્રમાણમાં જિલ્લાના જુદા-જુદા પ્રદેશોમાં થયેલ સ્થળાંતરિતોનું પ્રમાણ ૧૦.૭૧ મીલિયન જયારે આંતર જિલ્લા સ્થળાંતરિતોનું પ્રમાણ ૫.૫૦ મીલિયન અને આંતર રાજય સ્થાંતરિતોનું પ્રમાણ ૨.૫૨ મીલિયન જેટલું રહ્યું છે. NSSOનાં ૬૪માં રાઉન્ડ (૨૦૦૮)નાં આંકડા મુજબ ગુજરાતમાં પણ દર હજાર વસ્તીએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સ્થળાંતરિત વસ્તીનાં પ્રમાણની સ્થિતિ સમગ્ર ભારત જેવી જ રહી છે.

[2] Census, 2001

૨.૫ સુરતમાં સ્થળાંતરનું પ્રમાણ

સુરત શહેરએ સ્થળાંતરિત વસ્તીની બહુમતી સાથે રાષ્ટ્રીય શહેર તરીકે ઉભરી રહ્યું છે. સુરતમાં સ્થળાંતરનાં પ્રવાહમાં ઝડપી વૃધ્ધિ થઇ રહી છે. સુરત શહેરમાં સ્થળાંતરિતોનું કુલ પ્રમાણ ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ ૭,૫૧,૯૬૯ જેટલું છે. જેમાંથી ૪,૮૯,૧૧૩ જેટલા પુરુષ સ્થળાંતરીતો અને ૨,૬૨,૮૫૬ સ્ત્રી સ્થળાંતરિતો છે. સુરત શહેરમાં રોજગારીની ઉપલબ્ધતા અને ઔધોગિક વિકાસને લીધે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર વગેરેમાંથી રોજગારી અર્થે સ્થળાંતરિત થઈને શ્રમિકો વધુ પ્રમાણમાં આવે છે.

૩. બાંધકામ ક્ષેત્ર

૩.૧ વિશ્વ અને ભારતમાં બાંધકામ ક્ષેત્રનું મહત્ત્વ

સમગ્ર વિશ્વમાં બાંધકામ ઉધોગએ સૌથી મોટા ઉધોગોમાંનો એક છે. વિશ્વના કુલ ઘરેલું પેદાશનો લગભગ ૧/૧૦ ભાગનું આ ક્ષેત્ર દ્વારા સર્જન થાય છે. વિશ્વકક્ષાએ બાંધકામ ઉધોગ મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન કરે છે. સમગ્ર વિશ્વમાં રોજગારી ધરાવતી કુલ વ્યક્તિઓમાંથી લગભગ ૭%ને રોજગારી પુરી પાડે છે (વિશ્વની કુલ ઔધોગિક રોજગારીમાં ૨૭% હિસ્સો ધરાવે છે). આ ઉધોગનો વિકાસ એટલા માટે મોટા પ્રમાણમાં થયો છે કે સમગ્ર વિશ્વમાં વપરાતી કુલ ઉર્જાનો લગભગ ૪૦% ભાગ બાંધકામ ઉધોગ વીજળી કે બળતરનાં સ્વરૂપે વાપરે છે. ઉપરાંત સમગ્ર વિશ્વનાં કુલ સંશાધનોનો લગભગ અડધો ભાગ બાંધકામક્ષેત્રમાં ઉપયોગમાં લેવાય છે[3].

ભારતમાં કૃષિક્ષેત્ર પછી બાંધકામક્ષેત્ર બીજાક્રમની સૌથી મોટી આર્થિક પ્રવૃત્તિ છે. ભારતમાં માળખાગત સવલતોમાં થયેલા કુલ મૂડીરોકાણનો ૬૫% ભાગ બાંધકામક્ષેત્રમાં થયો છે. અને ભવિષ્યમાં પાયાની સુવિધાઓ અંગેના મૂડીરોકાણમાં બાંધકામક્ષેત્ર સૌથી મોટો ભાગ ભજવે એવી અપેક્ષા છે. ભારતના કુલ ઘરેલું પેદાશનો લગભગ ૧૧% ભાગ બાંધકામમાં મૂડીરોકાણ સ્વરૂપે છે. અને ભવિષ્યનાં ૫ થી ૧૦ વર્ષોમાં ઉર્જા, એરપોર્ટ વગેરેમાં થનારા મૂડીરોકાણને કારણે સમગ્ર બાંધકામ ઉધોગનો મોટા પાયે વિકાસ થનાર છે. છેલ્લાં આઠ વર્ષોમાં બાંધકામક્ષેત્ર લગભગ ૧૧.૧%નાં ચક્રવૃધ્ધિ વાર્ષિક દરે વધ્યું છે. અને કુલ ઘરેલું પેદાશમાં બાંધકામક્ષેત્રનો ફાળો ૯.૦%ની આસપાસ રહ્યો છે[4].ભારતનાં કુલ શ્રમિક દળનો લગભગ ૧૬% ભાગ પોતાની આજીવિકા માટે બાંધકામક્ષેત્ર પર આધાર રાખે છે[5].

[3] www.economywatch.com/world-industries/construction/world/html
[4] Approach to the Twelfth Five Year Plan, Retrieved from *planningcommission.gov.in/plans/planrel/12appdrft/appraoch_12plan.pdf*
[5] Barnabas Annette et.al. (2009), "A Study on the Empowerment of Women Construction Workers as Masons in Tamil Nadu, India", Journal of International Women's Studies, Vol. 11#2.

૩.૨ ગુજરાતમાં બાંધકામક્ષેત્ર

ગુજરાત રાજય એ ભારતના પશ્ચિમમાં આવેલા રાજયોમાનું એક મુખ્ય રાજય છે. તે દેશના ૧/૩ ભાગ જેટલો દરિયાઇ સીમા ધરાવે છે. રાજયની સ્થાપનાથી આજદિન સુધીની વિકાસની દોરમાં અનેક પાસાંઓનો મહત્ત્વનો ભાગ રહ્યો છે. આ પાસાઓમાંનું એક આનુષંગીક પાસું બાંધકામક્ષેત્ર રહ્યું છે. રાજયની કુલ ઘરેલું પેદાશ ૨૦૦૭-૦૮ના વર્ષમાં ૩,૦૩,૭૩૪ કરોડ હતી જે વધીને વર્ષ ૨૦૦૯-૧૦માં ૩,૩૭,૨૭૨ કરોડ થઇ હતી. આમ, વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૦૯-૧૦માં રાજયની કુલ ઘરેલું પેદાશમાં ૧૧.૦૨%નો વધારો નોંધાયો છે. ભારત દેશના કુલ ઉત્પાદનમાં રાજયનો હિસ્સો ૨૦૦૮-૦૯માં ૬.૪૫% જેટલો રહ્યો હતો[૬].

ગુજરાતમાં બાંધકામક્ષેત્રમાં લગભગ એક હજાર કરોડનું રોકાણ થયેલ છે. ગુજરાતમાં રોજગારીની તકોમાં બાંધકામક્ષેત્રનાં વિકાસને કારણે નોંધપાત્ર વધારો થયો છે કારણ કે મૂળભૂત રીતે બાંધકામક્ષેત્ર શ્રમ પ્રચૂર છે. ગુજરાતમાં બાંધકામક્ષેત્રમાં સ્થળાંતરિત થયેલા કામદારોમાં ૬૦% કામદારો દાહોદ અને પંચમહાલ જીલ્લાનાં છે.

કામદારોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થવાને કારણે ગુજરાતમાં વર્ષ ૨૦૦૪-૦૫થી બાંધકામ મજદૂર સંગઠનની સ્થાપના કરવામાં આવી છે. જે બાંધકામક્ષેત્રનાં કામદારોના નિયમન ૧૯૯૬ના ધારા હેઠળ કામ કરે છે. આ નિયમન પછી બાંધકામક્ષેત્રનાં કામદારોમાં નોંધપાત્ર સુધારો લાવી શકાયો છે[૭].

૩.૩ સુરતમાં બાંધકામક્ષેત્ર

પ્રસ્તુત અભ્યાસના કાર્યક્ષેત્ર તરીકે સુરત શહેરની પસંદગી કરવામાં આવી છે. જે સમગ્ર વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા શહેરોમાંનું એક છે. સુરત શહેર એ ગુજરાત રાજયના બીજા વ્યાપારિક કેન્દ્ર તરીકે સ્થાન ધરાવે છે. સુરતનો ઔધોગિક વિકાસ ખુબ જ ઝડપથી વધી રહ્યો છે. સુરત શહેર મુખ્યત્વે કાપડ ઉધોગ અને હીરા ઉધોગ માટે જાણીતું શહેર છે. રોજગારી અને વિકાસની દ્રષ્ટીએ સુરત શહેરમાં બાંધકામક્ષેત્ર અગત્યનું સ્થાન ધરાવે છે. ઔધોગિક વિકાસની એક આગવી લાક્ષણિકતાને કારણે શહેરની વસ્તીમાં મોટુ પ્રમાણ સ્થળાંતરિત વસ્તીનું છે.

સુરત સીટી ડેવલપમેન્ટ પ્લાન, ૨૦૦૬-૨૦૧૨ મુજબ સુરતમાં બાંધકામક્ષેત્રનો રોજગારીમાં ફાળો ૭.૧૦% જેટલો છે . તેની સરખામણીમાં સેવાક્ષેત્રનો ફાળો ૧૦.૬% અને મેન્યુફેકચરીંગ ક્ષેત્રનો ફાળો ૫૩.૦% જેટલો છે. સ્વભાવિક રીતે વસ્તી વૃધ્ધિ અને આર્થિક પ્રવૃત્તિના વ્યાપને લીધે બાંધકામક્ષેત્રનો વિકાસ પણ ખુબ ઝડપથી થઇ

[6] Socio-Economic Review, Gujarat State Directorate of Economics and Statistics (2010).

[7] Graming Vikas Trust, Tribal Migrant Labour Support Programme, Retrieved from http://gvtindia.org/templates/theme1/files/publications/Migrant%20Labour%20Support%20Programme.pdf

રહ્યો છે. જેથી સંશોધકે અભ્યાસના કાર્યક્ષેત્ર તરીકે સુરત શહેરનાં બાંધકામક્ષેત્રમાં કામ કરતા સ્થળાંતરિત શ્રમિકોની પસંદગી કરી છે.

(૪) સંબંધિત સાહિત્યની સમીક્ષા

Dilipkumar.M.(2006) એ પુના શહેરનાં બાંધકામ વિસ્તારોમાં કામ કરતા સ્થંળાતરિત કામદારોની સમસ્યાઓનો અભ્યાસ કર્યો છે.આ અભ્યાસના તારણ મુજબ ૬૬% જેટલા શ્રમિકો બાંધકામની જગ્યાઓ પર કામ ચલાઉ આવાસ બનાવી રહેતા હતા. માળખાકીય સુવિધાઓના સંદર્ભે ૨૦.૪% બાંધકામની જગ્યાઓ પર પીવાના પાણીની સુવિધા ન હતી. બાંધકામક્ષેત્રમાંથી મળતી આવકના સંદર્ભે ૬૪.૨% બાંધકામ સ્થળોએ તેમના કામદારો ને માત્ર રૂ.૫૦-૧૦૦ દૈનિક વેતન મળતું હતું, જયારે ૧૨.૮% બાંધકામ સ્થળોએ કામદારોને રૂ.૧૦૦ થી ૧૫૦ જેટલુ અને માત્ર ૩.૬% બાંધકામ સ્થળોએ રૂા. ૧૫૦ અને તેના કરતાં વધારે વેતન ચુકવાતું હતું.

R.Poongodi et.al. (2011), એ તામિલનાડું શહેરનાં તિરુચીરાપલ્લી જીલ્લાના થુરાઈયુર તાલુકામાં બાંધકામ ક્ષેત્રે કામ કરતી સ્ત્રી કામદારોની સામાજિક-આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ કર્યો છે. આ સંશોધન અભ્યાસ પરથી જાણવા મળે છે કે આ ક્ષેત્રમાં સૌથી વધુ શ્રમિકો અકુશળ છે. ન્યુનતમ વેતન અને અન્ય કાયદાઓ સ્ત્રી શ્રમિકો માટે લાગુ કરવામાં આવ્યા નથી. કામના સ્થળે સ્ત્રી શ્રમિકો અસ્થિરતાનાં વાતાવરણનો સામનો કરે છે.તેઓ ઓછું વેતન-મહેનતાણું, વેતન ચુકવણીમાં ભેદભાવ અને મજુર સંરક્ષક કાયદાઓનાં અમલની ગેરહાજરી જેવી સમસ્યાઓનો સામનો કરતા નજરે પડે છે.

Shika Singh et.al. (2012), એ અમદાવાદ શહેરનાં બાંધકામક્ષેત્રના કામદારોની રોજગારી પરિસ્થિતિનો અભ્યાસ હાથ ધર્યો હતો. આ અભ્યાસના વિશ્લેષણ પરથી સાબિત થાય છે કે અમદાવાદ શહેરનાં બાંધકામક્ષેત્રમાં કામ કરતા શ્રમિકોની કાર્ય પરિસ્થિતિ સારી અને સુરક્ષિત નથી. માસિક આવક ઘણી નીચી જોવા મળે છે અને શ્રમિકો માટે નિયમિત કામનો અભાવ પણ જોવા મળ્યો હતો. મહત્તમ શ્રમિકો છેલ્લા પાંચ વર્ષથી બાંધકામ ઉધોગમાં જોડાયેલા હતાં. જેમની કાર્ય પરિસ્થિતિ એટલી સારી ન હતી. આ શ્રમિકોને કામના સ્થળે કોઇ સુવિધાઓ પ્રાપ્ત થતી નથી.

B.L. Chawada et. al. (2012) એ સુરત શહેરના બાંધકામક્ષેત્રમાં કામ કરતી સ્ત્રી શ્રમિકોનો અભ્યાસ હાથ ધર્યો હતો. આ અભ્યાસ મુજબ સ્ત્રી શ્રમિકોનું સરેરાશ દૈનિક વેતન રૂ.૧૨૦ હતું. જયારે પુરુષ શ્રમિકો માટે બમણાં થી પણ વધુ (રૂ.૨૪૫) હતું. સ્ત્રી શ્રમિકોમાં આરોગ્ય અંગેની મુખ્ય ફરિયાદોમાં થાક/નબળાઇ (૬૧.૦%), પીઠનો દુ:ખાવો (૩૦.૦%), ખાંસી (૧૭.૫%), તાવ (૧૭.૦%), ચામડીનો રોગ (૧૦.૫%) વગેરે

હતા. મોટાભાગનાં બાંધકામ સ્થળોએ સ્ત્રી શ્રમિકોને પુરુષ શ્રમિકો જેટલા સલામતીના સાધનો આપવામાં આવ્યા ન હતાં. લગભગ ૬% જેટલા સ્ત્રી શ્રમિકોને તબાંકુ ચાવવાની અથવા બીડી પીવાની આદત હતી. તેમના રહેઠાણની પરિસ્થિતિ પણ સારી ન હતી.

(૫) સંશોધન પધ્ધતિ

૫.૧ અભ્યાસનું મહત્ત્વ

પ્રસ્તુત સંશોધન ગુજરાત રાજયના સુરત શહેરમાં બાંધકામ ક્ષેત્રમાં કામ કરતા સ્થળાંતરિત શ્રમિકો અંગેનો છે. સુરત શહેર સમગ્ર વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા શહેરોમાંનું એક છે. ઔધોગિકરણને કારણે સુરત શહેરની વસ્તીમાં ખુબ ઝડપથી વધારો થઇ રહ્યો છે. અને આ વસ્તીના પ્રમાણમાં સ્થળાંતરિત વસ્તીનું પ્રમાણ ઊંચુ છે. આ સ્થળાંતરિતો જુદા-જુદા વ્યવસાયમાંથી રોજગારી પ્રાપ્ત કરે છે. રોજગારી અને વિકાસની દષ્ટિએ સુરત શહેરમાં બાંધકામ ક્ષેત્ર અગત્યનું સ્થાન ધરાવે છે. અને આ ક્ષેત્રમાં કામ કરતા શ્રમિકોમાંથી મોટાભાગના શ્રમિકો સ્થળાંરીત શ્રમિકો છે. આવા શ્રમિકોની વિવિધ સમસ્યાઓને ધ્યાનમાં રાખી આ સંશોધન ને હાથ ધરવામાં આવેલ છે જેના મુખ્ય હેતુઓ નીચે રજૂ કરેલ છે.

૫.૨ અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે:

૧. સુરત શહેરનાં બાંધકામ ક્ષેત્રમાં સ્થળાંતરિત થયેલા કામદારોની સામાજિક-આર્થિક અને સ્વાસ્થ્ય અંગેની પરિસ્થિતિઓનો અભ્યાસ કરવો.

૨. સુરત શહેરનાં બાંધકામ ક્ષેત્રમાં સ્થળાંતરિત થયેલા કામદારોને કામના સ્થળે અનુભવાતી સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૩. સુરત શહેરનાં બાંધકામ ક્ષેત્રમાં સ્થળાંતરિત થયેલા કામદારોના બાળકોના શિક્ષણ અને આરોગ્ય સબંધિત બાબતોના અભ્યાસ કરવો.

૪. સુરત શહેરનાં બાંધકામ ક્ષેત્રમાં સ્થળાંતરિત થયેલા તમામ કામદારો માટેની સામાજિક-સલામતી વ્યવસ્થાનો અભ્યાસ કરવો.

૫. સુરત શહેરનાં બાંધકામ ક્ષેત્રમાં સ્થળાંતરિત થયેલી સ્ત્રી કામદારોની વિશિષ્ટ સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૫.૩ પરિકલ્પનાઓ

૧. એક સમાન કાર્ય કરતા સ્ત્રી અને પુરુષ શ્રમિકો વચ્ચે વેતન તફાવત રાખવામાં આવે છે.

૨. શ્રમિકોમાં શિક્ષણ અને સ્વાસ્થ્ય અંગેની જાગૃતતાનું પ્રમાણ નીચુ છે.

૩. શ્રમિકોના કામની અસર તેમના સ્વાસ્થ્ય પર પડે છે.

૪. શ્રમિકોની ઉંમર અને તેમના કામ કરવાની ક્ષમતા વચ્ચે સંબંધ રહેલો છે.

૫. અસંગઠિત અને સંગઠિત ક્ષેત્રની બાંધકામ પ્રવૃત્તિમાં જોડાયેલા શ્રમિકોના વિવિધ પાસાંઓમાં તફાવત રહેલો છે.

૬. કાયમી અને ઉચ્ચક ધોરણે કામ કરતા શ્રમિકોના વિવિધ પાસાંઓમાં તફાવત રહેલો છે.

૫.૪ નિદર્શની પસંદગી

સુરત શહેરમા ગૌણ માહિતીને આધારે નોંધાયેલા લેબર કોન્ટ્રાકટરની સંખ્યા લગભગ ૧૦૦ જેટલી છે. જેમના શ્રમિકોની સંખ્યા લગભગ ૧૫, ૦૦૦ છે. જયારે નોંધાયેલા ના હોય તેવા કોન્ટ્રાકટરના નેજા હેઠળ કામ કરતા બાંધકામ શ્રમિકોનું ચોકકસ પ્રમાણ જાણવું મુશ્કેલ હતું. નોંધાયેલા અને બિન-નોંધાયેલા એવા તમામ કોન્ટ્રાકટરના શ્રમિકોમાંથી નિદર્શની પસંદગી કેટલી કરી છે તે નીચેના કોષ્ટકમાં રજૂ કરેલ છે.

કોષ્ટક-૧ નિદર્શની પસંદગી દર્શાવતું કોષ્ટક

ક્ષેત્ર	**સ્ત્રી**	**પુરુષ**		**કુલ**
	અકુશળ *	**અકુશળ**	**અર્ધ-કુશળ**	
અસંગઠિત	૫૦	૫૦	૫૦	**૧૫૦**
સંગઠિત	૫૦	૫૦	૫૦	**૧૫૦**
કુલ	**૧૦૦**	**૧૦૦**	**૧૦૦**	**૩૦૦**

નોંધ: સ્ત્રી શ્રમિકોમાં અર્ધ-કુશળ શ્રમિકો ન હોવાથી સ્ત્રી શ્રમિકો પૈકી માત્ર અકુશળ શ્રમિકોને જ પંસદ કરવામાં આવેલ છે.

અહીં બાંધકામ ક્ષેત્રના શ્રમિકોની પસંદગી અસંગઠિત અને સંગઠિત ક્ષેત્રમાંથી કરવામાં આવી છે. અસંગઠિત ક્ષેત્ર એટલે કે ખાનગી ક્ષેત્રની બાંધકામ પ્રવૃત્તિ. જયારે સંગઠિત ક્ષેત્ર એટલે કે જાહેર ક્ષેત્રની બાંધકામ પ્રવૃત્તિ જેમાં સ્થાનિક સરકાર, રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ બાંધકામ પ્રવૃત્તિઓ જેવી કે રોડ-રસ્તા, પુલ, ઈમારતો વગેરનું બાંધકામ.

અસંગઠિત અને સંગઠિત ક્ષેત્રની બાંધકામ પ્રવૃત્તિમાં જોડાયેલા શ્રમિકામાં મુખ્ય ત્રણ પ્રકારના શ્રમિકો જોવા મળે છે. જેમ કે અકુશળ, અર્ધ-કુશળ અને કુશળ શ્રમિકો. અહીં બાંધકામ ક્ષેત્રમાં કામ કરતા અકુશળ અને અર્ધ-કુશળ

એમ બે પ્રકારના શ્રમિકોની પસંદગી કરવામાં આવી છે. અકુશળ શ્રમિકો એટલે કે બાંધકામ ક્ષેત્રમાં કોઈ પણ પ્રકારના કૌશલ્ય વગરની પ્રવૃત્તિઓ જેવી કે ઈટ, રેતી, કપચી જેવા બાંધકામમાં વપરાતા માલસામાન ઉપરાંત કામના સ્થળે કોલ (રેતી, કપચી અને સીમેન્ટનું મિશ્રણ) ઉચકવું વગેરેનું કામ કરતા શ્રમિકો જયારે અર્ધ-કુશળ શ્રમિકો કોઈ એક પ્રકારના કામમાં કુશળતા ધરાવતા હોય છે. જેમ કે સેન્ટીંગનું કામ કરનાર, પ્લાસ્ટર કરનાર, સ્લેબ ભરનાર, પાયો નાંખનાર, સુથારી કામ કરનાર વગેરે જેવા અનેક પ્રકારના કામોનો સમાવેશ કરી શકાય છે.

ઉપરાંત બાંધકામ ક્ષેત્રમાં કામ કરતા અકુશળ અને અર્ધ-કુશળ શ્રમિકોમાં ઉચ્ચક અને કાયમી એમ બે પ્રકારના શ્રમિકો જોવા મળે છે. ઉચ્ચક શ્રમિકો એ એવા શ્રમિકો છે જેઓ કામ 'નાકા' ઉપરથી મેળવે છે. જયારે કોન્ટ્રાકટરના નેજા હેઠળ કામ કામ કરતા શ્રમિકોને કાયમી શ્રમિકોમાં સમાવિષ્ટ કરવામાં આવ્યો છે.

સુરત શહેર મુખ્ય સાત ઝોનમાં વહેંચાયેલ છે. અને દરેક ઝોનમાં બાંધકામ ક્ષેત્રની પ્રવૃત્તિની તીવ્રતા અલગ અલગ છે. પ્રર્વતમાન સમયમાં સુરત શહેરના નોર્થ ઝોન, સાઉથ-વેસ્ટ ઝોન અને વેસ્ટ ઝોનમાં સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રની બાંધકામ પ્રવૃતિ ખુબ ઉંચા પ્રમાણમાં થઈ રહી છે. તો જે તે ઝોનમાં બાંધકામ પ્રવૃત્તિની સ્થિતિને ધ્યાનમાં રાખીને શ્રમિકોની પસંદગી દરેક ઝોનમાંથી કરવામાં આવી છે. જે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

કોષ્ટક-૨ વિવિધ ઝોનમાંથી નિદર્શમાં પસંદગી પામેલા શ્રમિકોની સંખ્યા

ઝોન	સંગઠિતક્ષેત્ર	અસંગઠિત ક્ષેત્ર	કુલ
નોર્થ	૨૫	૫૫	૮૦
ઈસ્ટ	૨૧	૧૧	૩૨
વેસ્ટ	૨૧	૩૦	૫૧
સેન્ટ્રલ	૧૫	૧૧	૨૬
સાઉથ	૧૮	૧૫	૩૩
સાઉથ-વેસ્ટ	૩૦	૨૫	૫૫
સાઉથ-ઈસ્ટ	૧૦	૧૩	૨૩
કુલ	**૧૫૦**	**૧૫૦**	**૩૦૦**

૫.૫ માહિતીનું એકત્રીકરણ

અભ્યાસ સંબંધિત માહિતી એકત્ર કરવા માટે પ્રાથમિક અને ગૌણ માહિતી એ બંનેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

પ્રાથમિક માહિતી - પ્રસ્તુત અભ્યાસ માટે પ્રાથમિક માહિતીનાં એકત્રીકરણ માટે પ્રશ્નાવલી પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રથમ તબકકે તૈયાર કરેલ પ્રશ્નાવલીને અંતિમ સ્વરૂપ આપવા માટે ૨૫ જેટલા શ્રમિકો પર

પૂર્વ કસોટી કર્યા બાદ તેમાં મળેલા ઉત્તરો અને પ્રતિભાવોને ધ્યાનમાં રાખીને પ્રશ્નાવલીમાં યોગ્ય સુધારા વધારા કરવામાં આવ્યા છે.

ગૌણ માહિતી - બાંધકામ ક્ષેત્ર અને તેમાં કામ કરતા વિવિધ પ્રકારના શ્રમિકો અંગેની અને સ્થળાંતર અંગેની માહિતી સંબંધિત સરકારી અને સ્થાનિક સંસ્થાઓના અહેવાલો, પુસ્તકો, લેખો, સંશોધન પત્રો વગેરેમાંથી મેળવવામાં આવેલ છે.

૫.૬ એકત્રિત માહિતીનું વિશ્લેષણ

પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત થયેલી માહિતીને કોષ્ટકોમાં રજૂ કરીને અને સરળ આંકડાશાસ્ત્રીય પધ્ધતિઓ જેવી કે ટકાવારી, આવૃત્તિ વિતરણ અને આલેખો વગેરેનો ઉપયોગ કરીને તારણો મેળવવામાં આવેલ છે. ઉપરાંત વિવિધ પરિબળો વચ્ચેના સંબંધ તપાસવા માટે સહસંબંધાંક તથા X^2 પરિક્ષણનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ઉપરોકત તમામ પ્રકારના વિશ્લેષણ માટે કોમ્પ્યુટર સોફ્ટવેર SPSS (Statistical Package for Social Science) નો ઉપયોગ કરવામાં આવેલ છે.

૫.૭ અભ્યાસની મર્યાદાઓ

૧. સુરત શહેરના બાંધકામ ક્ષેત્રમાં રોજગારી મેળવતા કામદારોની કુલ સંખ્યા ચોકકસપણે મેળવી શકાય નથી તેથી નિદર્શમાં સ્વૈચ્છિક રીતે જ ૩૦૦ જેટલા શ્રમિકોની પસંદગી કરવાનું નકકી કરવામાં આવ્યું છે.

૨. સમષ્ટિની તુલનામાં નિદર્શનું કદ ઘણું નાનું હોવાથી તે સંપૂર્ણ પણે પ્રતિનિધિત્વ ધરાવતું નિદર્શ ન પણ હોય.

૩. ઉત્તરદાતાએ જે માહિતી આપી છે તેમજ રૂબરૂ મુલાકાત દરમ્યાન જે નિરીક્ષણ કર્યુ છે તે ધ્યાનમાં રાખી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

(૬) પ્રકરણ યોજના

પ્રસ્તુત અભ્યાસને પાંચ પ્રકરણમાં વહેંચવામાં આવેલ છે. દરેક પ્રકરણમાં સમાવિષ્ટ મુદ્દાઓને નીચે મુજબ રજૂ કરવામાં આવેલ છે.

પ્રકરણ-૧: વિષય પ્રવેશ - સ્થળાંતર

પ્રસ્તુત પ્રકરણમાં સ્થળાંતરનો અર્થ, કારણો, લક્ષણો, અસરો વગેરેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે.

પ્રકરણ-૨: બાંધકામક્ષેત્ર

પ્રસ્તુત અભ્યાસના બીજા પ્રકરણમાં બાંધકામક્ષેત્રની વ્યાખ્યા, તેનું મહત્ત્વ, વિશ્વમાં, ભારતમાં, ગુજરાતમાં અને સુરત શહેરમાં બાંધકામક્ષેત્રની ભૂમિકા વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

પ્રકરણ-૩: સંબંધિત સાહિત્યની સમીક્ષા અને સંશોધન પધ્ધતિ

પ્રસ્તુત પ્રકરણને બે વિભાગમાં વહેંચવામાં આવેલ છે. અભ્યાસ અર્થે પસંદ કરેલા વિષયની ઊંડાણમાં સમજ મેળવવા માટે અભ્યાસ સંબંધિત વિવિધ પુસ્તકો, સંશોધન પત્રો, લેખો, એહવાલો, શોધ નિબંધો વગેરેની સમીક્ષા પ્રસ્તુત પ્રકરણના પ્રથમ વિભાગમાં કરવામાં આવેલ છે. બીજા વિભાગમાં સંશોધનની પધ્ધતિને આવરી લેવામાં આવેલ છે. જેમાં અભ્યાસનું મહત્ત્વ, હેતુઓ, પરિકલ્પનાઓ, નિદર્શની પસંદગી, પ્રાપ્ત માહિતીના વિશ્લેષણની રીત તેમજ મર્યાદાઓ વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.

પ્રકરણ-૪: પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત કરેલ માહિતીનું વિશ્લેષણ કરેલ છે. આ વિશ્લેષણ મુખ્ય બે વિભાગ હેઠળ કરવામાં આવેલ છે. પ્રથમ વિભાગમાં પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત થયેલ શ્રમિકોની સામાન્ય માહિતીનું સાદા કોષ્ટક વડે સમજૂતી આપવામાં આવેલ છે. બીજા વિભાગમાં શ્રમિકોના વિવિધ વર્ગોનું બહુવિધ કોષ્ટકો દ્વારા તુલનાત્મક વિશ્લેષણ કરવામાં આવેલ છે.

પ્રકરણ-૫: અભ્યાસના તારણો અને સૂચનો

પ્રસ્તુત પ્રકરણમાં અભ્યાસના તારણો, સૂચનો અને ભાવિ સંશોધનના વિષયો રજૂ કરવામાં આવેલ છે.

(૭) કેટલાક અગત્યનાં તારણો

- અભ્યાસમાં સમાવિષ્ટ કુલ શ્રમિકો પૈકી સૌથી વધુ ૫૩% શ્રમિકો અનુસુચિત જાતિ અને અનુસુચિત જન-જાતિના છે.

- ૭૮.૩૦% શ્રમિકો અન્ય રાજયનાં, ૧૮.૭% શ્રમિકો ગુજરાત રાજયના અન્ય જિલ્લાના જયારે માત્ર ૩.૦ શ્રમિકો સુરત જિલ્લાના હતા.

- કુલ શ્રમિકો પૈકી ૫૨.૦% શ્રમિકો અશિક્ષિત હતા. ઉપરાંત જેઓ શિક્ષિત છે એમાંથી મોટાભાગના શ્રમિકોએ પ્રાથમિક કક્ષા સુધીનું જ શિક્ષણ મેળવેલ છે.

- હંગામી ધોરણે ૫૦.૦% શ્રમિકો સ્થળાંતરિત થયા છે. ઉપરાંત મોસમી અને કાયમી સ્થળાંતરિતોનું પ્રમાણ અનુક્રમે ૩૭.૭% અને ૧૨.૩% જેટલું જણાયું છે.

- સ્થળાંતર પહેલા વતનમાં ૯૪% શ્રમિકો પોતાના ઘરમાં રહેતા હતા જયારે સ્થળાંતર બાદ સૌથી વધુ ૭૮.૦% શ્રમિકો બાંધકામ જે જગ્યા એ ચાલતું હોય તેના નજીકમાં પડાવ પાડીને ઝૂપડાંમાં જ રહે છે.

- શ્રમિકોના રહેઠાણના સ્થળે આવશ્યક માળખાકીય સુવિધાઓનું પ્રમાણ સંતોષકારક જણાયું નથી. રહેઠાણના સ્થળે વિજળીની સુવિધા હોય તેવા શ્રમિકોનું પ્રમાણ ૫૨.૩% જેટલું જણાયું છે. ઉપરાંત બીજી આવશ્યક સુવિધાઓ જેવી કે પાણી, બાથરૂમ, શૌચાલય અને ગટર વ્યવસ્થા હોય તેનું પ્રમાણ અનુક્રમે ૭૭.૦%, ૭૭.૦%, ૫૭.૦% અને ૨૯.૩% જેટલું જણાયું છે.

- રહેઠાણના સ્થળે વિવિધ સમસ્યાઓ જેવી કે ખરાબ રસ્તા, પાણીનો ભરાવો, ટ્રાફીક, ઘોંઘાટ અને ગંદકી હોય તેવા શ્રમિકોનું પ્રમાણ અનુક્રમે ૧૪.૭%, ૨૯.૦%, ૧૭.૦%, ૧૮.૭% અને ૩૧.૭% જેટલું જણાયું છે.

- અભ્યાસમાં સમાવિષ્ટ કુલ શ્રમિકો પૈકી ૮૨.૭% શ્રમિકો કાયમી પ્રકારના શ્રમિકો જયારે બાકીના ૧૭.૩% શ્રમિકો ઉચ્ચક શ્રમિકો નોંધાયા છે.

- ૭૩.૩% શ્રમિકો દિવસના સરેરાશ ૮ થી ૧૦ કલાક કામ કરે છે.

- ૫૧% શ્રમિકો સીધી રીતે કોન્ટ્રાકટરની મદદથી આ કામમાં જોડાયા છે.

- અકુશળ શ્રમિકોને દૈનિક સરેરાશ વેતન રૂા. ૨૪૦ અને અર્ધ-કુશળ શ્રમિકોને રૂા. ૪૪૬ જેટલું નોંધાયું છે.

- અકુશળ પ્રકારના કામમાં સ્ત્રી શ્રમિકોનો દૈનિક સરેરાશ વેતન દર રૂા. ૨૨૭ અને પુરુષ શ્રમિકોનો રૂા. ૨૫૩ જેટલું છે.

- ૫૧.૭% શ્રમિકોને કોઇ પણ પ્રકારની સામાજિક સલામતી આપવામાં આવતી ન હતી.

References:

Ambedkar Institute for Labor Studies, Project Capacity Building for the Promotion of Labour Rights for Vulnerable Groups of Workers - Study Report 'Naka' Workers (Construction Industry), Mumbai, Sponsored by European Union.

Planing Commision of India, "Approach to the Twelfth Five Year Plan (2012-17)", Retrieved from *planningcommission.gov.in/plans/planrel/12appdrft/appraoch_12plan.pdf*

Barnabas Annette et.al. (2009), "A Study on the Empowerment of Women Construction Workers as Masons in Tamil Nadu, India", Journal of International Wmen's Studies, Vol. 11#2.

Bose, A (1974) Studies in India's Urbanization 1901-1971, Tata Mc Graw Hill Publishing Co. Ltd., New Delhi, pp.40-143.

Chawada B.L. Gharat V.V., Bansal R.K., and Khantharia S.L. (2012), "Plight of Female Construction Workers of Surat City", Indian Jounral of Community Health, Vol. 24, No.1. pp. 19-22.

Das (1994), "Slums, Migrants and the Urban Informal Sector in Surat City", The Indian Journal of Labour Economics, Vol. 37, No.3., pp. 392-405.

Dileep Kumar M. (2006), "Problems of Construction Labours: A Qualitative Research", Retrived from http://www.indianmba.com/Faculty_Column/FC340/fc340.html.

Directorate of Economics and Statistics (2010), Socio-Economic Review, Gujarat State, Governemnt of India, Retrived from http://financedepartment.gujarat.gov.in/budget10_11_pdf/34%20-%20Socio%20Economic%20Review%20%28English%29.pdf

Deshingkar Priya & Start Daniel (2003), Seasonal Miigration for Livelihoods in India: Coping, Accumulation and Exclusion, Overseas Development Institute, 111, West-minister Bridge Road, London.

Girja, R. and Geetha, R et.al. (1989), Socio-Economic Conditions of Construction Workers in Tamil Nadu, Report Submitted to ICSSR, (Mineo).

Government of India (2008a), Planning Commission, Volume II: Social Sector, Chaper-6: Towards Women's Agency and Child Rights, Eleventh Five Year Plan, 2007-12, Oxford University Press: New Delhi.

Graming Vikas Trust, Tribal Migrant Labour Support Programme, Retrieved from http://gvtindia.org/templates/theme1/files/publications/Migrant%20Labour%20Support%20Programme.pdf
Lasker A and Murty C.V.R. (2004), Challenges before Construction Industry in India, Indian Institute of Technology, Kanpur.
website:http://www.iitk.ac.in/nicee/RP/2004_challenges_Construction_Industry_Proceeding.pdf

Ledent, J. (1982) 'Rural-Urban Migration, Urbanization, and Economic Development', Economic Development and Culture Change, Vol. 30, no.3, pp.507-538.

National Skill Development Corporation, "Human Resource and Skill Requirements in the Building , Construction Industry and Real Estate Services Sector (2022) – A Report", Retrieved from http://www.nsdcindia.org/pdf/bldg-const-real-estate.pdf

Piu Mukherjee, Bino Paul G D and Pathan J.I. (2010), 'Migrant Workers in Informal Sector:A Probe into Working Conditions' , ATLMRI Discussion Paper Series, Discussion Paper 9.

Poongodi, R. and Revathi, K. (2011), "Economics of Women Construction Workers with Special Reference to Thuraiyur Taluka, Trichirappalli District in Tamilnadu", Asian Journal of Management Research, Voil-1, Isssue-1, 684-687.

Self Employment Women's Association [SEWA] (2000), "Labour Brick by Brick: A Study of Construction Workers, Retrieved from www.sewaresearch.org/pdf/research/laboring_brick_by_brick.pdf

Singh, Shikha and Bhanushali, Kishore (2012), "The Employment Economic Condition of Construction Workers and Their Level of Satisfaction in Ahmedabad City: An Empricial Study", European Journal of Social Sciences;Mar2012, Vol. 29 Issue 2-4, p589

U.N., (1993), "Readings in Popualtion Research and Methodology", The United Nations Population Fund, New York.

Websites:

- www.nsdcindia.org
- www.imfmetal.org/files
- www.economywatch.com
- www.gvtindia.org
- www.sewaresearch.org
- www.nsdcindia.org
- www.indiainfraguru.com
- www.censusindia.gov.in
- www. planningcommission.gov.in
- www.financedepartment.gujarat.gov.in

ડૉ. એસ.શ્રીનિવાસા રાવ
કન્વીનર, ડી.આર.એસ.સી. (અર્થશાસ્ત્ર)
પ્રોફેસર અને હેડ, અર્થશાસ્ત્ર વિભાગ
વી.એન.એસ.જી.યુ., સુરત

ડૉ. કીર્તી. એસ. ઝાંખરીયા
માર્ગદર્શક
પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ
વી.એન.એસ.જી.યુ., સુરત

અરૂણા એન. સોલંકી
સંશોધક
અર્થશાસ્ત્ર વિભાગ
વી.એન.એસ.જી.યુ., સુરત